GJBT020181852025

## બોટાદના મહે.અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા, મુકામ–બોટાદ.

ફોજદારી કેસ નંબરઃ–૧૬૫૭૬/૨૦૨૫
આંકઃ–

શ્રી સરકાર

વિરૂદ્ધ

હરદીપ ઉર્ફે કાળુ નનકુભાઇ ખાચર,
રહે.પીપળીયા, રામાપીરના મંદીરવાળી શેરી, તા.જિ.બોટાદ.

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૩૩૨(બી), ૭૪, ૭૫(૧)(i), ૭૫(૧)(ii), ૭૮(૧)(i), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ કમિટલ હુકમ**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા.૩૦/૦૭/૨૦૨૫ ના કલાક ૧૭/૦૦ વાગ્યે આ કામના આરોપીએ આ કામના ફરિયાદી સાથે આડો સબંધ બાંધવાના ઈરાદે પોતાની વાડીએ મજુરી કામે લઇ જવા ઘરે કહેવા જઈ ફરિયાદીને આડો સબંધ રાખવા કહેતા જેની ફરિયાદીએ ના પાડતા આરોપીએ ફરિયાદીની ઓસરીમાં ગૃહ અપ–પ્રવેશ કરી ફરિયાદીના ગળે છરી રાખી ઉજરડાની ઈજા કરી મોઢે આડો હાથ રાખી કોઈને કહીશ તો પતાવી દઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા બાદ તા.૩૧/૦૭/૨૦૨૫ ના કલાક ૦૮/૦૦ વાગ્યે આરોપીએ પોતાના મોટર સાઇકલ નંબર જીજે ૦૪ બીએ ૮૮૨૪ સાથે ફરિયાદીનો પીછો કરી તેની આગળ મોટર સાઇકલ આડું ઉભું રાખી ફરિયાદીને કહેલ કે, *કેમ મારી વાડીએ કામે આવેલ નહીં, તેમ કહી ભુંડી ગાળો બોલી,* ફરિયાદીને મારી નાખવાના ઈરાદે છરીનો ઘા મારતા ફરિયાદી પાછળ ફરી જતાં છરીનો ઘા વાસાના

ભાગે મારી ગંભીર ઈજા કરી ત્રીસ ટાંકા લાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મ્હે.જિલ્લા મૅજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય, આરોપી વિરૂદ્ધ પાળીયાદ પોલીસ સ્ટેશને તારીખઃ-૨૭/૧૦/૨૦૨૫ ના રોજ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૯(૧), ૩૩૨(બી), ૭૪, ૭૫(૧)(i), ૭૫(૧)(ii), ૭૮(૧)(i), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨)(૩) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૧૯૩ અન્વયેનું અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતાં આરોપી હાજર થતાં તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીનું નીવેદન નોંધવામાં આવેલ અને તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ છે અને તેઓના વિરૂદ્ધની નામદાર સેશન્સ અદાલતમાં કાર્યવાહીના બચાવ માટે તેઓ ખાનગી વકીલ રોકવા માંગે છે તેમ જણાવેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદ તથા તપાસના કાગળો જોતાં આરોપીઓ સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાનો અધિકાર ફક્ત નામદાર સેશન્સ અદાલતને જ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપી હરદીપ ઉર્ફે કાળુ નનકુભાઈ ખાચર, રહે.પીપળીયા, રામાપીરના મંદીરવાળી શેરી, તા.જિ.બોટાદનાઓ સામેનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૩૨ અન્વયે નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ અદાલત, બોટાદ તરફ કમિટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ હવે પછી નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, બોટાદ ખાતે ઉપસ્થિત રહેવું.

સદરહું કેસનું તમામ રેકર્ડ, મુદ્દામાલ વિગેરે નામદાર નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, બોટાદ તરફ તાત્કાલિક વિના વિલંબે મોકલી આપવું.

સદરહું કેસ કમિટ કર્યાની જાણ જિલ્લા સરકારી વકીલશ્રી, બોટાદને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ–૧૬/૦૩/૨૦૨૬
સ્થળઃ–બોટાદ

(ભાવેશભાઇ ગોવીંદભાઇ સોલંકી)
અધિક જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
બોટાદ. (જજ કોડ–જીજે૦૦૯૭૬)